# બ્લુ બસના દરવાજામાં મહિલાનો હાથ ફસાતા ચાલક આખી બસ લઈને સિવિલ પહોંચ્યો

**40** વર્ષના સરોજબહેનના ડાબા હાથની આંગળીઓ બસના દરવાજામાં આવી ગઈ હતી




સુરતઃ અઠવાગેટ પાસે બ્લુ બસમાં ચડતી વખતે એક મહિલાનો હાથ બસના દરવાજામાં ફસાઈ ગયો હતો. જેથી મહિલાને હાથમાં ઈજા પહોંચી હતી. બ્લુ બસનો ચાલક મુસાફરોથી ભરેલી બસ સાથે મહિલાને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યો હતો.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, ડિંડોલી વિસ્તારમાં આવેલ સી.આર પાટીલ રોડ પર લક્ષ્મીનારાયણ વિભાગ-1માં સરોજબેન ચંદનભાઈ રાઠોડ (40 વર્ષ) પરિવાર સાથે રહે છે. સરોજબેન ઘરકામ કરીને પરિવારને આર્થિકરીતે મદદરૂપ થાય છે. રવિવારે સાંજે 4 વાગ્યાના અરસામાં સરોજબેન પાર્લે પોઈન્ટ ખાતે અલગ-અલગ ઘરમાં ઘરકામ કરીને અન્ય એક મહિલા મિત્ર સાથે બ્લુ બસમાં ડિંડોલી પોતાના ઘરે પરત આવી રહ્યા હતા. સરોજબેન અઠવાગેટ પાસે બસમાંથી ઉતરી GJ-05-BX-3522 નંબરની 204 વાળી અન્ય બ્લુ બસમાં બેઠા હતા તે દરમિયાન સરોજબેનના ડાબા હાથની આંગળીઓ બસના દરવાજામાં આવી ગઈ હતી. જેથી બસ ચાલક સહિત અન્ય મુસાફરોએ મહા મુસીબતે સરોજબેનના હાથની આંગળીઓને દરવાજામાંથી બહાર કાઢી હતી. તેમજ બસ ચાલક મુસાફરોથી ભરેલી બસ સાથે સરોજબેનને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે મૂકવા માટે આવ્યો હતો. નવી સિવિલ હોસ્પિટલમાં સરોજબેનનેને હાથમાં સારવાર આપવામાં આવી હતી.

## સુરતમાં GPSCમાં 11,153માંથી માત્ર 5319 વિદ્યાર્થીઓએ જ પરીક્ષા આપી

સુરતઃ ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં ખાલી પડેલી જીપીએસસીની વર્ગ 1 અને 2ની વિવિધ ખાલી જગ્યાઓ માટેની પ્રીલિમિનરી પરીક્ષા આજે રવિવારે સુરતનાં 47 પરીક્ષા કેન્દ્રોમાં લેવાઈ હતી. ગુજરાત જાહેર સેવા આયોગ હસ્તકની ગુજરાત વહીવટી સેવા વર્ગ-1 તથા મુલ્કી સેવા વર્ગ 1 અને 2 તથા નગર પાલિકાનાં મુખ્ય અધિકારીની વર્ગ-2ની પ્રીલિમનરી પરીક્ષાઓમાં સુરતનાં સેન્ટરો માટે 11,153 ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. પણ આજે પરીક્ષા આપવા 5247 વિદ્યાર્થીઓ જ હાજર રહ્યાં હતાં. કુલ 11153 માંથી માત્ર 47.69 ઉમેદવારોએ જ પરીક્ષા આપી હતી, જ્યારે 5906 ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. પરીક્ષા દરમિયાન કોઇ કોપી કેસ નોંધાયો નથી. આ પરીક્ષા માટે 47 શાળા બિલ્ડીંગોમાં 465 વર્ગોમાં ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં સીસીટીવી, પીવાના પાણી, ફર્સ્ટ એઈડ મેડિકલ સહિતની સુવિધાઓ આપવામાં આવી હતી.

**કહેતા ભી દિવાના.. સુનતા ભી દિવાના ? શહેરમાં 90 ટકા વ્યંજનો ખાવાલાયક છે...**

# શહેરમાં ડગલે ને પગલે બિનઆરોગ્યપ્રદ ખાણી-પીણીની હાટડીઓ છતાં આખા વર્ષમાં ફૂડના માત્ર 198 સેમ્પલ જ ફેઈલ

**શહેરમાં** એક ચીફ ફૂડ ઇન્સ્પેક્ટર અને 26 ફૂડ ઇન્સપેક્ટર છતાં મનપાના નાક નીચે સ્વાદરસિયા સુરતીઓના આરોગ્ય સાથે રમત કરતા વ્યંજનો પીરસાઇ રહ્યાં છે, અને મનપાનું તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે

સુરત : સુરત ખાણી-પીણી માટે પ્રખ્યાત છે. શહેરમાં ડગલે ને પગલે ખાણી-પીણીની બજારો, હોટેલ-રેસ્ટોરાંનો ઉધોગ ધમધમી રહ્યો છે. જો કે તે પૈકી મોટા ભાગની જગ્યાએ આરોગ્યની જાળવણી થાય તે મુજબના નીતીનિયમનું પાલન ખાધ ચીજોમાં જળવાતું નથી, જેના માટે સુરત મનપાના ફૂડ વિભાગ દ્વારા સતત ચેકીંગ ઝુંબેશ ચલાવવામાં આવે છે. જોકે ફૂડ વિભાગની કામગીરી ખરેખર કેવી છે, તે જોઈએ તો વર્ષ 2023માં મનપાના ફૂડ વિભાગે ખાદ્ય પ્રદાર્થોનું વેચાણ કરતી સંસ્થાઓમાંથી કુલ 2458 જેટલા સેમ્પલ લીધા હતા જે પૈકી માત્ર 198 સેમ્પલ ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ 2006ના ધારા ધોરણ મુજબ ખરાઈ કરવામાં આવતા ફેઈલ ગયા હતા એટલે કે સુરતમાં ડગલેને પગલે ખાણી-પીણીની હાટડીઓ પૈકી 90 ટકા વ્યંજનો ખાવાલાયક હતા. જયારે 48 સેમ્પલ મીસબ્રાન્ડના (લેબલ વગર) અને 150 જેટલા સેમ્પલ સબ સ્ટાન્ડર્ડ એટલે કે ધારાધોરણ મુજબના જણાઈ આવ્યા હતા. સુરતમાં જે ખાણી-પીણીની ગુણવત્તા મળે છે તે જોતા આ તપાસ ગળે ઉતરે તેવી નથી. મનપાના ફૂડ વિભાગ દ્વારા ફેઈલ થયેલા મીસબ્રાન્ડ અને સબસ્ટાન્ડર્ડ મળી કુલ 396 સેમ્પલના મુદ્દે ફૂડ વિભાગ દ્વારા કોર્ટમાં એડજ્યુડીકેટીગ ઓફિસર સમક્ષ ફરીયાદ દાખલ કરવામાં આવી છે. જો કે તેમાં પણ તમામ આરોપો સાબીત થયા નથી અને કોર્ટે કસુરવારો પાસેથી 18,34,000 રૂપીયાનો દંડ કર્યો છે.

### એક ચીફ ફૂડ ઇન્સ્પેક્ટર અને 23 ફૂડ ઇન્સ્પેક્ટરો કરે છે શું ?

ખાણીપીણીના શોખીન સુરતીઓને ગુણવત્તાભર્યું ભોજન પિરસવામાં આવે છે કે કેમ તેની ખરાઇ કરવા માટે મનપાના ફૂડ વિભાગ દ્વારા તબક્કાવાર ઝુંબેશ હાથ ધરાઈ છે. ખાસ કરીને શહેરમાં લારી કલ્ચરને ધ્યાને રાખીને વધુ ભાર મુકવામાં આવે છે તો ચંદી પડવો, દશેરો, દિવાળી, જન્માષ્ટમી અને નવરાત્રી સહિતના તહેવારોમાં મિઠાઇ, ફરસાણ સહીતના ખાદ્ય પ્રદાર્થોનું વેચાણ વધુ થતું હોય ફૂડ વિભાગ દ્વારા જે તે સમયે ચેંકિગ પણ હાથ ધરવામાં આવે છે. શહેરની હદ અને વસતી સતત વધી હોવાથી મનપા દ્વારા 2019માં 16 ફૂડ ઓફિસરોનોની ભરતી કરવામાં આવી હતી. તેથી હાલ એક ચીફ ફૂડ ઓફિસર અને 23 ફૂડ ઓફિસરો દ્વારા સર્વે કરવામાં આવી રહ્યો છે. પરંતુ ફૂડ ઇન્સપેક્ટરોની સંખ્યા વધ્યા બાદ પણ અસરકારકતા દેખાતી નથી.



(તસવીર : સતીષ જાદવ)

■ રવિવારે પરવત પાટીયા ખાતે આવેલા ડુંભાલ હનુમાન મંદિરમાં અયોધ્યા મંદિરને તાદૃશ્ય કરતી સાડીનું ફ્રીમાં વિતરણ કરાયુ હતું.

# સુરતનાં તમામ રામમંદિરોને અયોધ્યાની ભવ્યતા દર્શાવતી સાડી ભેટ આપવામાં આવશે




**માતા** જાનકીજી માટે બનાવેલી પહેલી સાડી સુરતના પ્રાચીન ડુંભાલ હનુમાનજી મંદિરના મહંત જીતેન્દ્ર ગોસ્વામીને ભેંટ અપાઈ

સુરતઃ અયોધ્યામાં રામ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠાનાં ઐતિહાસિક દિવસને વધાવવા સુરતના કાપડનાં વેપારીઓ જુદાજુદા કાર્યક્રમો આપી રહ્યાં છે. ટેક્સટાઈલ યુવા બ્રિગેડના પ્રમુખ લલિત શર્માએ ડિજિટલ પ્રિન્ટીંગથી તૈયાર કરેલી સાડા છ મીટરની સાડીમાં અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરનું દ્રશ્ય પ્રિન્ટ કર્યું છે. સાથે ભગવાન રામ સાથે વડાપ્રધાન નરેંદ્ર મોદીની છબી ઉપસાવી છે. લલિત શર્માએ જણાવ્યું હતું કે, સંસ્થા શહેરના રામ મંદિરોમાં જઇ આ સાડીની ભેટ આપશે. સુરત શહેર કાપડ બજાર તરીકે જાણીતું હોવાથી અને અહીંની સાડીઓ વિશ્વ પ્રસિદ્ધ છે, ત્યારે તેને ધ્યાનમાં રાખીને સુરતના કાપડના વેપારી લલિત શર્મા અને રાકેશ જૈને એક ખાસ સાડી તૈયાર કરી છે, જે તમામ રામ મંદિરોમાં વિનામૂલ્યે મોકલવામાં આવશે. જો માંગણી થશે તો ભરત અને માતા સીતા માટે એક-એક સાડી અયોધ્યા અને જનકપુર મોકલવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે, આ અવસરને લઈ માતા જાનકી અને હનુમાનજી મહારાજ સૌથી વધુ પ્રસન્ન થઈ રહ્યા છે અને અમે પણ તેમની ખુશીમાં જોડાઈ રહ્યા છીએ અને કાપડના વેપારી હોવાથી અમે માતા જાનકીને રામ મંદિરની તસવીરવાળી સાડી ભેટ આપી રહ્યા છીએ.

રાકેશ જૈને જણાવ્યું કે જો કે અમે હંમેશા મહિલાઓ માટે સાડી બનાવતા આવ્યા છીએ, પરંતુ અમારા જીવનમાં આ પહેલીવાર છે, જ્યારે અમે વિશ્વની માતા જાનકીજી માટે સાડી બનાવી છે. પહેલી સાડી રવિવારે સુરતના પ્રાચીન ડુંભાલ હનુમાનજી મંદિરના મહંત જીતેન્દ્ર ગોસ્વામીને આપવામાં આવી હતી અને તેમણે માતા સીતાને અર્પણ કરી હતી. 22 જાન્યુઆરી સુધીમાં તમામ મંદિરોમાં સાડી પહોંચી જાય તે માટે સંપૂર્ણ તૈયારીઓ કરવામાં આવી છે.

## ડુમસ અવધ કરોલીનામાં રહેતા કાપડના વેપારી સાથે 10.41 લાખની છેતરપિંડી

સુરતઃ 62 વર્ષીય વિજય ઉર્ફે નીલેષ લક્ષ્મીચંદ ગુપ્તા રીંગરોડ ખાતે ટીટી ટાવરમાં શગુન સારીઝના નામે સાડીનો વેપાર કરે છે. તેમણે સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં કનૈયા ટ્રેડિંગ કંપનીના માલિક કનૈયાલાલ ઉર્ફે કનુભાઇ ઈશ્વરલાલ રાણા, કાપડ દલાલ સાગરભાઈ, અમિત, શીતલ ફેશનના વહીવટકર્તા ગૌરવ કરણસિંહ પરમાર (રહે- ઘર નં ૭૩, માન સરોવર બંગ્લોઝ, અલથાણ), શીતલ ફેશનના વહીવટકર્તા કરણસિંહ પરમાર અને શીતલ ફેશનના પ્રોપરાઈટર શીતલબેનની સામે ફરિયાદ નોંધાવી છે. આરોપીઓએ કાપડ દલાલના મારફતે એપ્રિલ 2022થી નવેમ્બર 2022ના સમયગાળામાં શગુન સાડી પેઢીમાંથી કનૈયા ટ્રેડીંગ પેઢીમાં રૂપિયા 6.51 લાખનો સાડીનો માલ મેળવ્યો હતો. તથા બીજો 3.89 લાખનો માલ મળી કુલ 10.41 લાખનો સાડીનો માલ મેળવ્યો હતો. પેમેન્ટના વાયદાઓ આપી બાદમાં દુકાન બંધ કરી નાસી ગયા હતા.

# પાંડેસરામાં 7 વર્ષીય બાળકની પતંગના દોરાથી જીભ કપાઈ ગઈ

**મિત્રો** સાથે પતંગ ચગાવતો હતો અને મોં વડે દોરી તોડતી વેળા જીભમાં ગંભીર ઈજા થતાં હોસ્પિટલ ખસેડાયો



સુરતઃ ઉત્તરાયણનાં પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શહેરમાં પતંગના દોરાથી વ્યક્તિઓને ઈજા થવાની, પતંગ પકડવા જતાં ઘાયલ થવાના તેમજ વીજ કરંટ લાગવાના બનાવો સામે આવી રહ્યા છે. પાંડેસરામાં એક બાળક મોં વડે પતંગની દોરી કાપી રહ્યો હતો. તે દરમિયાન તેની જીભ કપાઈ જતાં તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની, દેવકુમાર યાદવ હાલ પાંડેસરા પોલીસ કોલોની પાસે સુખી નગરમાં પત્ની તેમજ ત્રણ સંતાન સાથે રહે છે. દેવકુમાર મજૂરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. દેવકુમારના સંતાન પૈકી બીજા નંબરનો દીકરો સોનુ (7 વર્ષ) ધોરણ-2માં અભ્યાસ કરે છે.

રવિવારે સવારે 10 વાગ્યાના સુમારે સોનુ મિત્રો સાથે ઘર પાસે પતંગ ચગાવી રહ્યો હતો. તે દરમિયાન સોનુ મોં વડે પતંગની દોરી કાપી રહ્યો હતો. ત્યારે દોરીથી સોનુની જીભ કપાઈ ગઈ હતી અને લોહી નીકળવા લાગ્યું હતું. જેથી સોનુને ઈજાગ્રસ્ત હાલતમાં પરિવારજનો સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતાં.

# આવતીકાલે મોટાવરાછામાં પાણીકાપ, 10મીએ પણ ઓછા પ્રેસરથી પાણી મળશે

**વરાછા** મેઈનરોડ પર ઓવરહેડ ટાંકીની સફાઈને પગલે પાણી પુરવઠો ખોરવાશે, 11મીથી રાબેતામુજબ પાણી મળશે

સુરતઃ વરાછા મેઈન રોડ પર સીએનજી પમ્પ પાસે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેની ઓવરહેડ ટાંકીની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવશે. પાણીની ટાંકીની સફાઈને પગલે આગામી 9 અને 10 જાન્યુઆરીના રોજ મોટા વરાછાના અમુક વિસ્પાતારોમાં પાણી પુરવઠો ખોરવાશે. 9મીએ પાણી પુરવઠો ખોરવાશે અને 10મીએ પાણી ઓછા પ્રેશરથી મળશે.

હાલ શિયાળામાં પાણીની માંગ ઓછી હોવાથી મનપાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા વિવિધ ટાંકીની સફાઈ, મરામત કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત વરાછા મેઈન રોડ પર સીએનજી પમ્પ પાસે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતેની ઓવરહેડ ટાંકીની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવશે. આ પાણીની ટાંકીની સફાઈને પગલે આગામી 9 અને 10 જાન્યુઆરીના રોજ પાણી પુરવઠો અવરોધાશે.

જેમાં મોટા વરાછાના સુદામા ચોકથી ગોલ્ડન સ્કેવેર થઈ મહારાજા ફાર્મ સુધીનો વિસ્તાર, મહારાજા ફાર્મથી રામચોકનો આસપાસનો વિસ્તાર અને રામચોકથી સુદામા ચોક સુધીનો વિસ્તારમાં 9 અને 10 જાન્યુઆરીના રોજ પાણી પુરવઠો મળશે નહીં. લોકોને જરૂરિયાત મુજબનું પાણીનો સંગ્રહ કરવા અપીલ કરવામાં આવી છે. 10મી જાન્યુઆરીએ પાણી ઓછા પ્રેશરથી મળશે અને 11મીથી રાબેતા મુજબ પાણી પુરવઠો શરૂ થઈ જશે તેમ જણાવવામાં આવ્યું છે.

# પ્રવિણ રાઉત ગેંગના રીઢા આરોપીને ડિંડોલીથી પિસ્ટલ સાથે પકડી પડાયો

**આરોપી** વર્ષ 2011થી 2023 સુધી લાજપોર જેલમાં ગંભીર પ્રકારના ગુનાઓમાં કેદ હતો

**આરોપી** 3 મહિના પહેલા જામીન મુક્ત થયો હતો અને તેની ઉપર ટીયા દલાઈ હુમલો કરશે તેવા ભયમાં પિસ્તલ લઈને ફરતો હતો

સુરતઃ કુખ્યાત પ્રવિણ રાઉત ગેંગના સાગરીત રીઢો આરોપી ડિંડોલી ખાતેથી પિસ્ટલ સાથે પકડાયો હતો. આરોપી ઉપર ટીયા દલાઈ ગમે ત્યારે હુમલો કરી શકે તેવી શંકાએ તે પિસ્ટલ લઈને ફરતો હતો.

ક્રાઈમ બ્રાંચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે પ્રવિણ રાઉત ગેંગનો રીઢો આરોપી પ્રિન્સ રાજપુત ડિંડોલી પ્રમુખપાર્ક બ્રીજના નીચે પ્રિયંકાનગર સોસાયટી સામે ઉભો હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે આરોપી પ્રિન્સ ઉર્ફે રવી મહેન્દ્રસીંગ રાજપુત (ઉ.વ.૩૩, ધંધો-મજુરી, રહે. શ્રી રેસીડન્સી ખરવાસા રોડ ડિંડોલી તથા મુળ જોનપુર, ઉત્તરપ્રદેશ) ને પકડી પાડ્યો હતો. આરોપીના કબજામાંથી એક પિસ્ટલ અને બે કાર્ટીઝ મળી આવતા કબજે લેવાયા હતા. આરોપીની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, આરોપી લુંટ વિથ મર્ડરના ગુનામાં જેલમાં હતો. દરમ્યાન તેની મિત્રતા જેલમાં વિપલ મનીષભાઈ ટેલર સાથે થઈ હતી. પ્રિન્સ ત્રણ મહીના પહેલા જામીન ઉપર બહાર આવ્યો હતો. તેને જેલનાં મિત્ર વિપલ ટેલરના પાસેથી આ પિસ્ટલ દોઢેક મહીના પહેલા લીધી હતી. પાંડેસરા વિસ્તારમાં રહેતા ટીયા દલાઈ નામના વ્યક્તિ સાથે તેની દુશ્મની ચાલે છે. ટીયા દલાઈ ગમે ત્યારે તેની ઉપર હુમલો કરે તેવો ડર હોવાથી પિસ્ટલ સાથે લઈને ફરતો હતો.

આરોપી વર્ષ 2007થી લુંટ વિથ મર્ડર, લુંટ, ધાડ, ખુનની કોષીશ, ફાયરીંગ, આર્મસ એક્ટના જેવા ગંભીર પ્રકારના ગુનાઓ આચરતો આવ્યો છે. આરોપી વર્ષ 2011થી પ્રવિણ રાઉત ગેંગ સાથે સંકળાયેલો છે. આરોપી વર્ષ 2011થી 2023 સુધી લાજપોર જેલમાં ગંભીર પ્રકારના ગુનાઓમાં કેદમાં હતો. અને ત્રણ મહિના પહેલા જામીન મુક્ત થયો હતો. આરોપી સામે કડોદરામાં, પુણા પોલીસ સ્ટેશનમાં, બારડોલી, પાંડેસરા, ઉત્તરપ્રદેશના ગાજીપુરા કરંડા પોલીસ સ્ટેશન અને બરોડા કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં મળીને કુલ 9 ગુનાઓ દાખલ છે.

## 'બાંધકામ ગેરકાયદે છે', કહીને તોડ કરવા ગયેલો RTI એક્ટિવિસ્ટ જેલભેગો

સુરત : પાલિકામાં ચાલતા ગેરકાયદે બાંધકામમાં અમુક આરટીઆઈ એકટીવિસ્ટ તથા લુખ્ખા તત્વો સામાન્ય લોકોને હેરાન પરેશાન કરી રહ્યાં છે. દરમિયાન આ રીતે રંજાડી રહેલા એક ઈસમને પોલીસ દ્વારા ફરિયાદ બાદ પકડી લેવામાં આવ્યો હતો. તે ગેરકાયદે બાંધકામ અટકાવવા માટે નાણા લેતા રંગેહાથે ઝડપાઈ ગયો હતો. હસમુખ મગાણીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે મિતેષ બાબુ તરસરિયા, કતારગામ દ્વારા તેઓનું બાંધકામ ખોટું છે તે તોડાવી નાંખશે. તેવી તેઓને વારંવાર ધમકી આપીને 21,000 રૂપિયાની માંગણી કરી રહ્યાં હતા. આ મામલે છેલ્લા કેટલાક દિવસોથી તેઓને હેરાન પરેશાન કરી નાંખ્યા હતા. દરમિયાન બળજબરીપૂર્વક તેઓ પાસેથી 14,500 પડાવતા તેઓને પોલીસને જાણ કરી હતી. પોલીસે રંગે હાથ ઝડપી પાડતા ચોક પોલીસ દ્વારા આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### સંક્ષિપ્ત સમાચાર

#### બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન, આર્કિટેક્ચર અને ઇન્ટીરિયરની ઇનોવેટીવ પ્રોડક્ટનાં પ્રદર્શન સ્થાપત્યને સજ્જડ પ્રતિસાદ



સુરત : 1966થી સ્થાપિત ધ ઇન્સ્ટીટ્યુટ ઓફ સિવિલ એન્જીનિયર્સ એન્ડ આર્કીટેક્સ, સુરત દ્વારા આયોજિત "સ્થાપત્ય" ૨૦૨૪ને ત્રણ દિવસમાં વનિતા વિશ્રામ ગ્રાઉન્ડમાં ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. આવતીકાલે પ્રદર્શનનું સમાપન થશે. સંસ્થાના પ્રમુખ દિલિપ પટેલે જણાવ્યું હતું કે, ૬૫થી વધુ કંપનીઓ દ્વારા તેમની બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન અને ઇન્ટીરિયરને લગતી ઇનોવેટિવ પ્રોડક્ટ પ્રદર્શનમાં મૂકવામાં આવી છે. જેમાં સ્ટીલ, સિમેન્ટ, રેડીમીક્ષ કોંક્રિટ, સેનેટરી વેર, કપચી, રેતી, કન્સ્ટ્રક્શન કેમિકલ, વોટર પ્રૂફીંગ સોલ્યુશન, ઓટોમેશન સોલ્યુશન, ઇનોવેટિવે કન્સ્ટ્રક્શન ટેક્નોલોજીસ, ઇ-કોમેર્સ સોલ્યુશન ફોર બિલ્ડીંગ માટે રિયલ્સ એન્ડ ડેકોર પ્રોડક્ટસ, મટિરિયલ ટેસ્ટિંગ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. તા.૮ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે ''સ્થાપત્ય'' - ૨૦૨૪ની લોંચિંગ સેરેમની તથા સાંજે ૦૬:૩૦ વાગ્યે સ્થાપત્ય ૨૦૨૪નો સમાપન કાર્યક્રમ યોજાશે. સમાપન કાર્યક્રમમાં દર્શનાબેન જરદીશ (કેન્દ્રીય મંત્રી, રેલ્વે એન્ડ ટેક્ષટાઇલ), શાલિની અગ્રવાલ (મ્યુનિસિપલ કમિશ્નર,સુરત), સેવંતિભાઈ શાહ (ફાઉન્ડર, વિનસ જ્વેલ) ઉપસ્થિત રહેશે.

#### હત્યા-ગુજસીટોકના ગુનામાં ઝડપાયેલો અને રાહુલ એપાર્ટમેન્ટના સાગરિતનો જામીન પર છૂટકારો

સુરતઃ ઉધનામાં હત્યા-ગુજસીટોકના ગુનામાં ઝડપાયેલા અને રાહુલ એપાર્ટમેન્ટના સાગરિતને કોર્ટે જામીન પર મૂક્ત કર્યો હતો. કેસની વિગત એવી છે કે ઉધના વિસ્તારમાં રાહુલ ઉર્ફે રાહુલ એપામટિન્ટ ભાઈદાસ પીંપળેને રાહુલ એપાર્ટમેન્ટ નામથી ગેંગ બનાવી હતી. સિદ્ધાર્થ ઉર્ફે અજય એપાર્ટમેન્ટ, વૈભવ ગુલાબ પાટીલ,વિપુલ ઉર્ફે નાગીયા નાગરે તથા પ્રશાંત ભટેસિંગ રાજપુત ગેંગના સાગરકીત છે. તમામ આરોપીઓએ ગુરજીતસિંગ ઉર્ફે કાલુસિંગ જગદિશસિંગ ઉર્ફે ભાવસિંગ સીકલીગરની હત્યા કરી હતી. તેથી તેમના વિરુદ્ધ ઉધના પોલીસ સ્ટેશનમાં હત્યા અને ગુજસીટોકની કલમ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી.તે ગુનામાં પોલીસે આરોપી પ્રશાંત ભટેસિંગ રાજપુત( રહે. ગાંધીકુટીર,ઉધના )ની ધરપકડ કરી હતી. આરોપીએ જામીન પર મૂક્ત થવા માટે તેના એડવોકેટ જી.એમ.પાટીલ મારફત કોર્ટમાં અરજી કરી હતી. સરકાર તરફે પીપીએ આરોપીની જામીન અરજીનો વિરોધ કર્યો હતો. આરોપી તરફે એડવોકેટ જી.એમ.પાટીલે દલીલ કરી હતી કે હત્યાની ફરિયાદ મરનારના બનેવીએ આપેલી છે. જે બનાવના સ્થળે હાજર ન હતો. આજ ગુનાના સહ આરોપી સિદાર્થ ઉર્ફ અજય એપારમેન્ટને હાઈકોર્ટે શરતોને આધીન જામીન પર મૂક્ત કર્યો હતો. સિદ્રાર્થ કરતા આરોપી પ્રશાંતની આ ગુનામાં ભુમિકા હળવી છે.ઉપરાંત તપાસ કરનાર અધિકારીએ આરોપી પ્રશાંતની ઓળખ પરેડ કરાવી ન હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી પ્રશાંતને કેટલીક શરતોને જામીન પર મૂક્ત કરવાનો હુકમ કર્યો હતો.

#### શેર ટ્રેડિંગના ધંધામાં 2 લાખનું રોકાણ કરાવી મહિને 50 હજાર કમાવવાની લાલચ આપી છેતરપિંડી કરનાર આરોપીને એક વર્ષની કેદ

સુરતઃ શેર ટ્રેડિંગના ધંધામાં 2 લાખ રૂપિયાનું રોકાણ કરીને મહિને 35 થી 50 હજાર રૂપિયા કમાઈ લેવાની 100 ટકા ગેરેન્ટી આપતા અને રોયલ વેલ્થના નામથી ધંધો કરનાર આરોપી પિયુષ પટેલને કોર્ટે કસૂરવાર ઠેરવીને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો. કેસની વિગત એવી છે કે મુગલીસરામાં રહેતા મીનાબેન અનિલ પારેખ દ્વારા આરોપી કેપિટલ ગ્રીન્સ, પાલ ખાતે રહેતા પિયુષ ઈશ્વરલાલ પટેલ સામે ફરિયાદ કરવામાં આવી હતી. આરોપી પાલનપુર ખાતે રોયલ વેલ્થના નામથી શેર ટ્રેડિંગનો વેપાર ધંધો કરતો હતો. ગ્રાહકોને આકર્ષવા તેઓએ 2 લાખ રૂપિયાના રોકાણથી મહિનાના 35થી 50 હજાર રૂપિયા મળશે તેવી 100% ગેરંટીની જાહેરાતો કરી હતી. ફરિયાદી મીનાબેને 2.30 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. ત્યારબાદ પિયુષે બાંહેધરી મુજબનો નફો મીનાબેનને આપ્યો ન હતો. તેમજ પિયુષએ મીનાબેનને 2.30 લાખ રૂપિયાનો ચેક આપ્યો હતો. તે ચેક રિટર્ન થતા મીનાબેને એડવોકેટ નરેશ ગોહિલ મારફતે આરોપી સામે કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. આ કેસ ચાલી જતાં કોર્ટે એડવોકેટ નરેશ ગોહિલની દલીલો ગ્રાહ્ય રાખીને આરોપી પિયુષને પટેલને કસૂરવાર ઠેરવીને તેને 1 વર્ષની સાદી કેદ અને ચેકની રકમ વાર્ષિક 9 ટકા વ્યાજ સાથે ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

# પતંગોત્સવના સથવારે 167 લોકોએ અંગદાનનો સંકલ્પ લીધો



સુરત : દેશમાં દર વર્ષે પાંચ લાખથી વધુ વ્યક્તિઓ સમયસર અંગો નહીં મળવાને કારણે મૃત્યુ પામે છે. ડોનેટ લાઈફ સંસ્થા દ્વારા સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશનની સાથે સમાજમાં અંગદાન પ્રત્યે વધુને વધુ જાગૃતિ આવે, લોકો અંગદાનનું મહત્વ સમજે, વધુને વધુ વ્યક્તિઓ બ્રેઈનડેડ વ્યક્તિના અંગોનું દાન કરાવીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવાના યજ્ઞમાં જોડાય તથા જે પરિવારોએ તેમના બ્રેનડેડ સ્વજનના અંગોનુ દાન કરાવીને સેંકડો ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપ્યું છે. તેઓ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવાના ઉદેશ્ય સાથે પતંગ મહોત્સવ "ઓર્ગન ડોનર પરિવારોને સંગ"નું આયોજન લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં કરવામાં આવ્યું હતું, જેમાં જુદા-જુદા પોસ્ટરો દ્વારા અંગદાન જીવનદાનનો સંદેશો પાઠવવાની સાથે શહેરીજનોને અંગદાનના સંદેશા લખેલા પતંગોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં આ પતંગોત્સવમાં 167 લોકોએ અંગદાનના સંકલ્પ માટેનું ફોર્મ ભરી અંગદાનનો સંકલ્પ લીધો હતો.

આ પતંગોત્સવમાં જીએસટી ચીફ કમિશ્નર પંકજ સિંઘ, મેયર દક્ષેશ માવાણી, ધારાસભ્ય અરવિંદભાઈ રાણા, પૂર્વ ધારાસભ્ય ઝંખનાબેન પટેલ, દિશા ફાઉન્ડેશનના દિનેશભાઈ પટેલ, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ નાગપુરના પ્રો. રવિન્દ્ર ભુસારી, નિવૃત સૈનિકો, ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ હેતલ પટેલ, માજી ડેપ્યુટી મેયર નીરવ શાહ, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પટેલ, ચેમ્બરના ઉપપ્રમુખ વિજયભાઈ મેવાવાલા, સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશનના હિતેશભાઈ પટેલ, વિવિધ સ્કૂલો-કોલેજોના NCC અને NSSના વિધાર્થીઓ ઉપસ્થિત રહી ઓર્ગન ડોનર પરિવારો બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## 'એક્સિસ બેંકમાંથી બોલુ છું' કહીને ઠગે રત્ન કલાકારના 3.40 લાખ ઉંચકી લીધા

સુરત : 'એક્સિસ બેંકમાંથી બોલું છું', કહીને વેપારીના ખાતામાંથી 3.40 લાખ રૂપિયા ઊંચકાઇ ગયા હતા. ઠગની વાત પર ભરોસો કરવાનું વેપારીને ભારે પડી ગયું હતું. રામસિંગ મેરામણ મોરી દ્વારા 29,000ની છેતરપિંડીની ફરિયાદ કરવામાં આવી હતી. તેમાં ગઇ તા. 25 સપ્ટેમ્બર, 2023ના રોજ તેઓ પર અજાણ્યા ઈસમનો ફોન આવ્યો હતો અને પોતે એક્સિસ બેંકમાંથી બોલી રહ્યાં છે તેમ જણાવી કહ્યું હતું કે તમારાં બેંક ખાતાનું કેવાયસી કરાવવું પડશે નહીંતર તમારૂ બેંક ખાતુ બ્લોક થઇ જશે. ત્યારબાદ આ ઇસસે બીજા નંબર પરથી એક્સિસ બેંકની એક લીંક મોકલી હતી. તેમાં એપ્લીકેશન ફોર્મ ભરાવવા માટે જણાવ્યું હતું. ત્યારબાદ એક નંબર ડાયલ કરવા માટે આપ્યો હતો. તેના પર ડાયલ કરતાની સાથે જ તેઓનો મોબાઈલ ફોન હેક થઇ ગયો હતો. તેમના ક્રેડિટ કાર્ડમાંથી 3.29 લાખની લોન લેવાઇ ગઇ હતી. આ ઉપરાત 11,000 રૂપિયા કપાઇ ગયા હતા.

**SMC અને પોલીસમાં નોકરી અપાવવાના બહાને ખેલ કરનાર**

# ભાજપના છાયા ભુવાના પુત્રોએ 19 લોકો પાસે 42.88 લાખ પડાવી મુંબઈમાં ઉડાવ્યા

**બંને** ભાઈઓ પૈસા ઉઘરાવી બોગસ કોલ લેટર આપી છેતરપિંડી કરતા હતા

સુરતઃ સુરત શહેર મહાનગર પાલિકા અને પોલીસ ખાતામાં સરકારી નોકરી અપાવાના બહાને ભાજપના પૂર્વ કોર્પોરેટર અને ડે. મેયર છાયા ભુવાના પુત્રોએ 19 લોકો પાસેથી 42.88 લાખ પડાવ્યા છે. અને આ તમામ પૈસા મુંબઈના બારમાં તથા સટ્ટામાં તથા મોજશોખ પાછળ વાપર્યા છે. પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.

ઉધના પોલીસ સ્ટેશનમાં ગઈકાલે રાહુલભાઈ રશ્મિનભાઈ ભુવા, નિરવ રશ્મિનભાઈ ભુવા તથા હેમંત ફકીરભાઈ ચૌહાણની સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. આરોપીઓએ 19 લોકોને સુરત મહાનગર પાલિકામાં અને પોલીસ ખાતામાં સરકારી નોકરી અપાવાના બહાને રૂપિયા 42.88 લાખ પડાવ્યા હતા. જેમાંથી ભોગ બનનારાઓને બોગસ કોલ લેટર આપ્યા હતા. બાદમાં નોકરી નહીં મળતા લોકોએ પૈસા પરત માંગતા બંને આરોપીઓએ ગાળો આપી જાનથી મારવાની ધમકી આપી હતી. ઉધના પોલીસે પૂર્વ કોર્પોરેટર છાયા ભુવાના પુત્ર રાહુલ અને નિરવ તથા હેમંત ફકીરભાઈ ચૌહાણની ધરપકડ કરી છે.

આરોપીઓએ લોકો પાસેથી ઉઘરાવેલા આ પૈસા મુંબઈના બારમાં તથા સટ્ટા બજારમાં તથા મોજશોખ માટે વાપરી નાખ્યાં હતા. આરોપી નિરવની સામે વર્ષ 2015માં સરથાણા પોલીસ સ્ટેશનમાં પણ છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી.